| | |
|---|---|
| દાખલ તારીખ : | ૨૦/૦૫/૨૦૨૬. |
| રજીસ્ટર્ડ તારીખ : | ૨૦/૦૫/૨૦૨૬. |
| નિકાલ તારીખ : | ૩૦/૦૫/૨૦૨૬. |
| સમયગાળો | દિવસ : |

**:: મહે. ધારીના ૩ જા એડી. સેશન્સ જજ સાહેબની અદાલત, મુ.ધારી.**

-----------------------------------------

ફોજદારી પરચુરણ અરજ નંબર : ૧૧૪/૨૦૨૬.
આંક :

-----------------------------------------

| આરોપી | ઉ.વ. | ધંધો. |
|---|---|---|
| (૧). રણજીતભાઈ ધીરુભાઈ વાળા,<br>રહે. નાની ધારી, તા. ખાંભા, જી.અમરેલી.<br>હાલ–સબ જેલ–અમરેલી. | ૨૯ | |

<u>વિરૂધ્ધ.</u>

<u>સામાવાળા :–</u>

ધી સ્ટેટ ઓફ ગુજરાત.

-----------------------------------------

બાબત :– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ ચાર્જશીટ થયા પહેલાની રેગ્યુલર જામીન અરજ.

સમક્ષ :– શ્રી. એસ. સી. ગાંધી, ત્રીજા એડી. સેશન્સ જજ, ધારી.

-----------------------------------------

આરોપી તરફે :– વિધ્વાન વકીલ શ્રી. આઈ.બી. ગગનીયા.

સામાવાળા તરફે :– વિધ્વાન એ. પી. પી. શ્રી. વી. ડી. વડેરા.

-----------------------------------------

<u>// ઠ રા વ //</u>

૧). આરોપી તરફે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ પહેલાની સૌ પ્રથમ વખત રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરી, **તુલસીશ્યામ રેન્જ, ખાંભાના પીપળવા બીટ રાઉન્ડ પીપળવાના રાઉન્ડ ગુ.નં.: ૨/૨૦૨૬–૨૭, તેમજ રેન્જ ગુન્હા નંબર–૦૬/૨૦૨૬–૨૭, વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ–૨(૧૬), ૨(૩૫), ૨(૩૬), ૨(૩૮), ૫૦, ૫૧, ૨(૧૨ –એ), ૯** મુજબના કામે તેઓ તેમની ઘરપકડની તારીખથી સતત જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ જામીન ઉપર મુકત થવા માટે કરેલી છે.

૨). આરોપીની જામીન અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વિરૂઘ્ધ **તુલસીશ્યામ રેન્જ, ખાંભાના પીપળવા બીટ રાઉન્ડ પીપળવાના રાઉન્ડ ગુ.નં.: ૨/૨૦૨૬–૨૭, તેમજ રેન્જ ગુન્હા નંબર–૦૬/૨૦૨૬–૨૭, વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૮૨ ની કલમ–૨(૧૬), ૨(૩૫), ૨(૩૬), ૨(૩૮), ૫૦, ૫૧, ૨(૧૨ –એ), ૯** મુજબના ગુનાઓ નોંધાએલ છે અને સદરહું ગુનાના કામે તેઓની અટક કરતા તેઓ જયુડીશીયલ કસ્ટડીમાં છે. વધુમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ફસાવી દેવામાં આવેલા છે. ફરીયાદ માં જે આક્ષેપ કરવામાં આવેલ છે તે શંકા ઉપજાવે છે અને તેઓ આ ગુનાના કામે બિલકુલ નિર્દોષ હોવા છતાં તેઓને હેરાન પરેશાન કરવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેને ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ જ ગુન્હો કરેલ નથી. તેઓ વિરૂઘ્ધ કોઈ જ પ્રથમ દર્શનીય પુરાવો નથી અને નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી હોઈ આરોપીને ફરીયાદવાળા ગુનાના કામે જામીન પર મુકત કરવાની અરજ કરેલ છે.

૩). અરજી અન્વયે, સામાવાળોને નોટીસ કાઢવામાં આવતા, સામાવાળા તરફે **વિ.એડી. પી.પી.શ્રી. વી.ડી.વડેરા** ઉપસ્થિત થયેલ છે તથા ગુન્હાની તપાસ કરનાર અમલદારે આંક **: ૦૫** થી સોંગદનામુ રજુ કરેલ છે.

**૪).** આ કામ, આજરોજ સુનાવણી માટે રાખવામાં આવતા આરોપી તરફે **વિધ્વાન વકીલ શ્રી.આઈ. બી. ગગનીયા** એ તેમની વિદ્ધતાપુર્ણ દલીલમાં આ અદાલતનુ ધ્યાન અરજીમાં જણાવેલ હકીકત તરફ દોરી જણાવેલ છે કે હાલના આ ગુના સબંધે આરોપી કંઈ પણ હકીકત જાણતા નથી અને તેઓ તદન નિર્દોષ છે અને તેઓ સીધી કે આડકતરી રીતે ગુનામાં સંડોવાયેલ નથી. તેઓ વિરૂધ્ધ કોઈ પ્રથમદર્શનીય પુરાવો નથી અને તેઓ હાલ ની ફરીયાદમાં જણાવ્યા મુજબના આક્ષેપોવાળો કોઈ જ કૃત્ય કરેલ નથી. સજા અંગેની જોગવાઈ માત્ર ૩ થી ૭ વર્ષ સુધીની જ છે અને સદરહું ગુન્હો જયુડી. મેજી. (ફ.ક.) શ્રીનાઓને ચલાવવાની સત્તા છે આરોપી સામે પ્ર થમદર્શનીય કેસ બનતો નથી. વધુમાં, આરોપી તેમની ઘરપકડની તારીખથી સતત જયુડીશીયલી કસ્ટડીમાં છે. સદર ગુનો ચલાવવાની સત્તા મેજી. શ્રીની અદાલતને છે. આરોપી ત.ક.અ.શ્રીની તપાસમાં પુરતો સહકાર આપશે. ફરીયાદમાં જે આક્ષેપ કરવામાં આવેલ છે તે શંકાસ્પદ છે અને તેઓ આ ગુનાના કામે બિલકુલ નિર્દોષ હોવા છતાં તેઓને હેરાન પરેશાન કરવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ જ ગુન્હો કરેલ નથી.

**૫).** સામાવાળા તરફે **વિધ્વાન એડી.પી.પી.શ્રી.વી.ડી.વડેરા એ** જામીન અરજીનો વિરોધ કરી દલીલોમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ગુન્હામાં સિંહની પજવણી કરતો વિડીઓ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપર મુકેલ છે જે બાબત ખુદ હાલના આરોપીએ જણાવેલ છે અને આ વિડીઓ નાની ધારી ગામના રહીશ શીવરાજભાઈ દીલુભાઈ માંજરીયાએ તેમનો વોટસએપમા તારીખ ૪/૫/૨૬ ના રોજ મોકલેલ હોવાનો પુરાવો મળી આવેલ છે. તેમજ આ સિંહની પજવણીનો વિડીઓ શીવરાજભાઈ એ પોતે પોતાના મોબાઈલમા ઉતારેલ છે. તેમજ હાલના આરોપી વિરુધ્ધ અન્ગય ચાર ગુન્હાઓ પેન્ડીંગ છે, આરોપી ગુન્હા કરવાની ટેવ વાળા છે. તેમજ સદર ગુન્હાની તપાસ

ગતિમા છે. હાલના આરોપીનુ નામ પ્રથમથી જ એફ.ઓ.આર.મા છે અને ફરીયાદવાળા ગુન્હાના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. જેથી હાલના અરજદાર/ આરોપીને જામીન મુકત નહી કરવા જણાવેલ છે. આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો કેસની ટ્રાયલ વખતે હાજર નહી રહે. જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની વિરુધ્ધ અસર થશે અને આ પ્રકારના ગુન્હા કરનાર ઈસમો ને કાયદાનો ડર રહેશે નહી અને દિવસે ને દિવસે આ પ્રકારના ગુન્હા વધતા જશે તેવી શકયતા નકારી શકાય તેમ ન હોય, તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સાહેદોને લોભ, લાલચ આપી અથવા દબાણ માં લાવે તે નકારી શકાય તેમ ન હોઈ જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

૬). આ કામે ઉભય પક્ષકારો તરફે વિધ્વાન વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ ઉપરોકત દલીલો તેમજ અરજીની હકીકતો ધ્યાને રાખી, હાલની જામીન અરજીનો ગુણ દોષ ઉપર નિર્ણય કરવાના હેતુસર ફરીયાદ હકીકત વંચાણે લેવી ખુબ જ જરૂરી હોઈ, તે વંચાણે લેતા ફરીયાદવાળો બનાવ તારીખ :-૦૭/૦૫/૨૦૨૬ ના ગુન્હો નોંધ્યાના પહેલા કોઈપણ સમયે બનેલ જેમાં જણાવેલ છે કે, સિંહ પાછળ વાહન દોડાવી સિંહની પજવણી કરતો એક વિડીઓ સોશીયલ મીડીયામા વાયરલ થયેલ જે બાબતે તપાસ કરતા તુલસીશ્યામ રેન્જના પીપળવા રાઉન્ડના ખાંભા રેવન્યુ બીટના લાગુ ગામ નાની ધારીના રહીશ રણજી ધીરુભાઈ વાળા ધ્વારા આ વિડીઓ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપર મુકેલ જે બાબતે રણજીતની પુછપરછ કરતા આ વિડીઓ નાની ધારી ગામના રહીશ શીવરાજભાઈ દીલુભાઈ માંજરીયાએ તેમને વોટસએપમા તારીખ ૪/૫/૨૬ ના રોજ મોકલેલ હતો. તેમજ આ વિડીઓ શીવરાજભાઈ ધ્વારા પોતે પોતાના મોબાઈલમા ઉતારેલ છે તેવુ નિવેદન હાલના આરોપી ધ્વારા આપવામા આવેલ જે અંગેની ફરીયાદ, ફરીયાદી એન.પી.લકુમ, એ રેન્જ ફોરેસ્ટ ઓફીસર અને વાઈલ્ડ લાઈફ વોર્ડન, ખાંભા તાલુકો, તુલસીશ્યામ રેન્જ, ખાંભા માં આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલ છે.

**૭).** હાલની અરજીનો ગુણદોષ ઉપર ન્યાયિક નિર્ણય કરતી વેળાએ સદર ઉપરોકત ફરીયાદ હકીકત ધ્યાને રાખી બી.એન.એસ. એસ. ની કલમ–૪૮૩ થી અત્રેની અદાલતને આપવામાં આવેલ વિશીષ્ટ સત્તા અન્વયે અદાલતે પોતાની વિશિષ્ટ સત્તા નો ઉપયોગ કરીને ગુણવતા ઉપર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પ્રત્યેક કેસની હકીકતો લક્ષમાં રાખી તથા ગુનાની ગંભીરતા કેન્દ્ર સ્થાને રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો છે. એટલુ જ નહી **નામદાર સર્વોચ્ચ અદાલત, ૨૦૧૧(૨), જી.એલ.આર., પાન નં.૧૬૧૪, સિધ્ધરામ સત્લીંગપ્પા મહાત્રે વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં હેડ નોટ–'બી' થી** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ અદાલતોએ **બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૦, ૪૮૨ અને ૪૮૩** અન્વયેની જામીન અરજીઓનો નિર્ણય કરતી વખતે આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાના અધિકારો અને સમાજની શાંતિ અને સુરક્ષા વચ્ચેની સમતુલા સારી રીતે જાળવવાની છે, તે માર્ગદર્શક સિધ્ધાંતો, તેમજ ઉભય પક્ષો તરફે વિ. વ.શ્રી. ઓ ધ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને રાખી હવે અદાલતના રેકર્ડ ઉપર આવેલ હકીકત તેમજ રજુ થયેલ પેપર્સ વંચાણે લેતાં, બનેલ બનાવ બાબતની ફરીયાદ હાલના આરોપીઓ વિરુધ્ધ ફરીયાદી એન. પી. લકુમ રેન્જ ફોરેસ્ટ ઓફીસર, તુલસીશ્યામ રેન્જ, ખાંભા નાઓએ તા. ૦૭/૦૫ / ૨૦૨૬ ના રોજ નોંધાવેલ હોવાનુ અને તે **તુલસીશ્યામ રેન્જ, ખાંભાના પીપળવા બીટ રાઉન્ડ પીપળવાના રાઉન્ડ ગુ.નં. ૨/૨૦૨૬–૨૭** થી નોંધાયેલ હોવાનુ અને તેમાંથી ફરીયાદ વાળો બનાવ તારીખ : ૦૭/૦૫/૨૦૨૬ ના ગુન્હો નોંધાયા પહેલાના કોઈપણ સમયે બનેલ હોવાનુ જણાય આવે છે અને તેમાં ધારીના રહીશ રણજી ધીરુભાઈ વાળા ધ્વારા આ વિડીઓ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપર મુકેલ જે બાબતે રણજીતની પુછપરછ કરતા આ વિડીઓ નાની ધારી ગામના રહીશ શીવરાજભાઈ દીલુભાઈ માંજરીયાએ તેમને વોટસએપમા તારીખ ૪/૫/૨૬ ના રોજ મોકલેલ હતો. તેમજ આ વિડીઓ શીવરાજભાઈ ધ્વારા પોતે પોતાના મોબાઈલમા

ઉતારેલ હોવાનુ અને સદર બનાવના કામે હાલના આરોપીએ સક્રિય ભાગ ભજવેલ હોવાનુ જણાય આવે છે.

૮). વધુમાં, પોલીસ પેપર્સ વંચાણે લેતાં, આ કામના ફરિયાદી કે જેઆ આ ગુન્હા ના કામે તેઓ સરકારી અધિકારી છે, આર.એફ.ઓ. તરીકે એટલે કે વર્ગ–ર નો હોદ્દો ધરાવતી વ્યકિત છે, તેઓને આરોપીઓ સાથે કોઈ અંગત દુશ્મનાવટ કે વાંધો હોય અને આરોપીઓને ખોટી રીતે સંડોવી દીધેલ હોય તેવુ પણ રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી. તેમજ સદર ગુન્હાની તપાસ હજુ ચાલુ છે, પુરાવો એકઠો કરવાની પ્રક્રીયા પ્રગતિમા હોવાનુ જણાઈ આવે છે. પરંતુ તે પ્રક્રયામા હાલના આરોપી કોઈ રીતે અને પ્રકારે અવરોધ ઉભો કરે કરાવે તેવી કોઈ શકયતાઓ જણાઈ આવતી નથી. ખાસ કરીને આરોપીના ગુન્હાની સજા અંગેની જોગવાઈ તથા તેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવાની સત્તા જયુડી. મેજી. (ફ.ક.) ની અદાલતને હોય આરોપીને અદાલતના રેકર્ડ ઉપર આવેલ ગુન્હાહિત ભૂતકાળ કે જેમા તેની વિરુધ્ધ કુલ–૪ ગુન્હાઓ અગાઉ નોંધાયેલા છે તે પૈકી તેને બે ગુન્હામા નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવેલ હોવાની હકીકત લક્ષમા રાખતા આરોપીને વધુ લાંબા સમય સુધી જયુડી. કસ્ટડીમા રાખવાથી કોઈ હેતુ બર આવે તેમ જણાય આવતુ નથી.

૯). વધુમાં, અદાલતના રેકર્ડ ઉપર આવેલ હકીકતો ધ્યાને લેતાં હાલના ગુના ના કામે કોઈ ગંભીર કલમના ઉમેરાની શકયતાઓ રહેતી ન હોય તે હકીકત ધ્યાને રાખી, હાલની જામીન અરજીનો નિર્ણય કરતી વખતે માત્ર પ્રથમ દર્શનીય કેસ જ નહી પરંતુ સાથે સાથે ગુનહાની ગંભીરતા, સજા અંગેની જોગવાઈ તથા સમાજની શાંતિ અને સુરક્ષા અને ગુન્હાની કાર્યવાહી સમયે આરોપીની અદાલત રૂબરુની હાજરી અં ગે ની સુનિશ્ચિતતાના તત્વો પણ અદાલતે ધ્યાને લેવાના હોય, અદાલતના રેકર્ડ ઉપર આવેલ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદવાળા ગુન્હાની મહદઅંશે તપાસ પુર્ણ થઈ ગયેલ

હોવાનુ જણાય આવતુ હોય અને તે મુજબ ફરીયાદવાળા ગુન્હા સિવાય અન્ય ગુન્હાના કામે ગુન્હાહિત સંડોવણી હોવાની રેકર્ડ ઉપર આવેલ હકીકત અને તે કામે તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવેલ હોવાનુ જણાય આવતુ હોય અને ફરીયાદમાં જણાવેલ સરનામે તેમના પરિવાર સાથે રહેતા હોવાનુ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ હોય તેમજ ઓ વિરુધ્ધના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી બી.એન.એસ.એસ.ના **ચેપ્ટર ૨૦મા** મેજી. શ્રીએ વોરંટ કેસમા કરવાની થતી ઈન્સાફી કાર્યવાહી અન્વયેની હોય, ફરીયાદવાળા ગુન્હાના કામે ગુન્હાની ગંભીરતા ધ્યાને રાખી જો આરોપીને કડક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે તો ચોકકસપણે આરોપીના વ્યકિતગત સ્વતંત્રતાના અધિકારો નુ રક્ષણ થશે તેમ આ અદાલત નુ સ્પષ્ટપણે માનવુ હોય વિરુધ્ધ નોધાયેલ ફરીયાદ અને રેકર્ડ ઉપર આવેલ હકીકતો ધ્યાને રાખી કેસની એકંદર પરિસ્થિતિ અને સં જોગો ધ્યાને રાખતાં આરોપીની હાલની જામીન અરજ સફળ થતી હોવાનું આ અદાલતનું માનવુ છે.

**૧૦).** આમ,ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અને તેના આપવામાં આવેલ કારણો ધ્યાન માં રાખતા હાલના આરોપીની જામીન અરજ સફળ થતી હોય તે મંજુર કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>// હુકમ //</u>

**આરોપીની બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૩ મુજબ સૌ પ્રથમ વખતની જામીન અરજી આથી ''મંજુર'' કરી આરોપીએ રૂપિયા ૨૫,૦૦૦/–(અંકે રૂપીયા પચીસ હજાર પુરાના)** સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી તેમની વિરૂધ્ધના **તુલસીશ્યામ રેન્જ, ખાંભાના પીપળવા બીટ રાઉન્ડ પીપળવાના રાઉન્ડ ગુ.નં.: ૨/૨૦૨૬–૨૭, તેમજ રેન્જ ગુન્હા નંબર–૦૬/૨૦૨૬–૨૭, વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૮૨ ની કલમ–૨(૧૬), ૨(૩૫), ૨(૩૬), ૨(૩૮),**

**૫૦, ૫૧, ૨(૧૨ –એ), ૯** મુજબના ગુનાના કામે નીચે ની શરતોનુ પાલન કરવા બાંહેધરી આપ્યેથી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>//શરતો //</u>**

(૧). આરોપીએ અદાલત ધ્વારા જાળવવામાં આવેલ તેઓની વ્યકિતગત સ્વતંત્રતાના અધિકારોનો ભંગ કરી,કોઈપણ પ્રકારનુ ગુન્હાહિત કૃત્ય કરવુ કરાવવુ નહી કે ગુનાની તપાસ કે ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી વિલંબમાં મુકાય તે કરવુ કરાવવાનુ નહી તથા તપાસ કરનાર અમલદાર તપાસના કામે બોલાવે ત્યારે હાજર રહી તપાસના કામે સંપૂર્ણ સહકાર આપવાનો છે.

(૨). આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા જોડે ચેડા કરવા કરાવવા નહી કે ફરીયાદી તેમજ ફરીયાદપક્ષના સાહેદોને કોઈપણ પ્રકારની લોભ, લાલચ, પ્રલોભન કે ધાક–ધમકી આપવી નહી અને તેઓએ તેમની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી વખતે કોર્ટ સમક્ષ બિનચુક અને નિયમીતપણે હાજર રહેવુ.

(૩). આરોપીએ તથા તેમના જામીનદારે તેમના રહેઠાણનુ કાયમી સરનામુ યોગ્ય પુરાવો રજુ કરી હકુમત ધરાવતી અદાલતમાં જણાવવુ તથા પોતાનો ટેલીફોન, મોબાઈલ નંબર સોંગદનામા ઉપર હકુમત ધરાવતી અદાલતમાં જાહેર કરવો અને હુકમત ધરાવતી અદાલતની પૂર્વ પરવાનગી સિવાય સરનામામાં કે ટેલીફોન નંબર માં ફેરફાર કરવો નહી.

(૪). આરોપીએ જામીન બી.એન.એસ.એસ.ની કલમ**–૪૮૫** તથા ક્રિમીનલ મેન્યુઅલ ના પેરેગ્રાફ–૨૮ મુજબ **હકુમત ધરાવતી અદાલત** સમક્ષ રજુ કરવા.

(૫). ઉપરોકત લાદવામાં શરતો પૈકી કોઈપણ શરતોનો આરોપી ધ્વારા જાણી બુઝી

અને ઈરાદાપૂર્વક ભંગ થયેથી તેને આપવામાં આવેલ જામીન અને જાળવવામાં આવેલ વ્યકિતગત સ્વતંત્રતાના બંધારણીય અધિકારોનો આપોઆપ અંત આવશે અને ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરનાર અદાલત ત્વરીત તેને જયુડીશીયલ કસ્ટડીમાં લઈ શકશે.

**સદરહું હુકમ અંગેની યાદી સંબંધિત પોલીસ સ્ટેશને તથા સંબંધિત અદાલતને કરવી.**

**ઉપરોકત હુકમ આજ તા. ૩૦ મી, માહે :– મે, સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૩૦/૦૫/૨૦૨૬.**
**ધારી.**

**(સંજયકુમાર ચંપકલાલ ગાંધી),**
**૩જા સેશન્સ જજ,**
**સ્પેશીયલ જજ, એટ્રોસીટી કેસીસ),**
**ધારી.**
**(... Judge Code - GJ00699...).**